SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda

Call No. B
133
.G5A2
Gr.13185

# શ્રી અરવિન્દની વાણી.

( એમનાં વિવિધ લખાણોમાંથી સંકલિત )

Smt. HANSA MEHTA LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA

શ્રી અરવિન્દ સોસાયટી
'સહકાર' પહેલે માળે, 'બી' રોડ,
ચર્ચગેટ, મુંબઈ ૧.

PURCHASED
Date 10-12-59.
Initial
G13185
Rs. 0-50.
7B
133
.G5A2

પ્રકાશક :
શ્રી અરવિન્દ સોસાયટી
'સહકાર' પહેલે માળે, 'બી' રોડ,
ચર્ચગેટ, મુંબઈ ૧.

સર્વ હક્ક સ્વાધીન.

SMT. HANSA MEHTA ... CITY
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૧૯૫૭
૨૦૦૦ પ્રત.

મુદ્રક :
શ્રી. પુ. જ. દેસાઈ,
બૉમ્બે સેન્ટ્રલ પ્રેસ, મુંબઈ ૨.

"જે વાણી નીરવત્વમાંહિ
અમ હૈયું સંબોધતી."

. . .

"જે વાણી રહતી અમર્ત્ય;
વિરમ્યા છતાં મૌનમાં."

. . .

— શ્રી અરવિન્દ.

# શ્રી અરવિન્દની વાણી

જીવનમાં પ્રભુને સાકાર કરવો એ જ છે સાચો પુરુષાર્થ.

*

આખરે પ્રભુ શું છે? કોઈ સનાતન ઉદ્યાનમાં સનાતન ખેલ ખેલી રહેલું સનાતન બાળક.

*

ભગવાનનું ધામ સચ્ચાઈપૂર્વક એના દરવાજા ઠોકનારા કોઈને માટે પણ બંધ હોતું નથી, પછી ભલે તેમનાં ભૂતકાલીન સ્ખલનો અને પતનો ગમે તેવાં હો.

*

એમ કહેવાય છે કે પ્રાણી એક જીવતી પ્રયોગશાળા હતી, જેની અંદર પ્રકૃતિએ માનવને ઘડયો છે. માનવ પોતે પણ વિચાર કરતી અને જીવતી પ્રયોગશાળા જરૂર હોઈ શકે જેની અંદર અને જેના સભાન

સહકારથી એ પ્રકૃતિ અતિમાનવને, દેવને ઘડવાનું, અથવા આપણે એમ કેમ ન કહીએ કે પ્રભુને પ્રગટાવવાનું સંકલ્પતી હોય ?

*

સારું યે જીવન પ્રભુને શોધવા, સાધવા, અભિવ્યક્ત કરવા માટે આપણને અપાયેલી એક વિપુલ અને અનેકવિધ તક છે.

*

જડતત્ત્વ ચેતનાનું જ એક રૂપ છે; છતાં બાહ્ય પદાર્થને એના આંતરપણામાં પૂરેપૂરો વિલીન ન કરી નાખ. હે પ્રભુ-પ્રેમી, પ્રભુના દેહને તરછોડ નહીં, પણ તારા આનન્દને માટે એને રહેવા દે; કેમકે એના આત્માની જેમ એનો દેહ પણ આહલાદજનક છે.

*

સૂર્યમુખી જેમ સૂર્ય પ્રત્યે વળે તેમ દિવ્ય સત્ય પ્રત્યે વળવું એ અન્તરાત્મા અથવા ચૈત્ય પુરુષનો સહજ સ્વભાવ છે.

*



પ્રભુનું જ્ઞાન એના અસ્તિત્વના વિરોધની કે તરફેણની તર્કબુદ્ધિની નિર્બળ દલીલોને તોલીને મેળવવાનું નથી. એ તો માત્ર કોઈ પોતાપણાથી પર જનાર સંપૂર્ણ આત્મ-નિવેદન, અભીપ્સા અને અનુભવવડે જ મેળવવાનું છે.

*

જ્યારે તર્કબુદ્ધિ પ્રભુને સમજી શકતી નથી ત્યારે પ્રભુ હૃદયને સંબોધે છે.

*

વસ્તુઓનું સમગ્રાત્મક સત્ય તર્કબુદ્ધિનું સત્ય નથી પણ આત્માનું છે.

*

અમૂર્ત ખ્યાલો આપણને પ્રભુના સત્યોની નીતરી કલ્પના સમર્પે છે, મૂર્તિઓ આપણને તેમની જીવન્ત વાસ્તવિકતા સમર્પે છે.

*

સારું યે જીવન પ્રકૃતિનો યોગ છે, જેનાવડે એ પોતાની અંદર પ્રભુને પ્રગટાવવા માગે છે.

*

અમૃતત્વ, એકત્વ અને મુક્તિ આપણી અંદર જ છે અને આપણાથી શોધાવાની ત્યાં વાટ જુએ છે; પરન્તુ પ્રેમના આનન્દને માટે આપણામાં પ્રભુ અનેકસ્વરૂપી જ રહેશે.

*

સદાય પૂર્ણ એવા આત્માને પ્રગટાવવામાં જ માનવની પૂર્ણતા રહેલી છે.

*

ભગવાનનું એક વધુ પૂર્ણ કરણ બની શકાય એટલા માટે વધુ પૂર્ણતાની અભીપ્સા કરી શકાય છે.

*

બાહ્ય માનવવડે પ્રાપ્ય એવી બધી પૂર્ણતા એની અંદર રહેલા આત્માની શાશ્વત પૂર્ણતાની જ એક સિદ્ધિ છે.

*

પરમ સૌન્દર્યને મેળવવું એટલે પ્રભુને મેળવવો; પરમ સૌન્દર્યને ખુલ્લું કરવું, સદેહ બનાવવું, આપણે



કહીએ છીએ તેમ સર્જવું એટલે પ્રભુની જીવન્ત મૂર્તિ અને શક્તિને આપણા અન્તરાત્મામાંથી બહાર આણવી.

*

પ્રભુએ આ જગતને એક રણક્ષેત્ર બનાવ્યું છે અને કચડી નાખનારા યોદ્ધાઓ તેમજ કતલ અને હાહાકાર અને સંઘર્ષથી એને ભર્યું છે. એણે નક્કી કરેલી કિંમત ચૂકવ્યા વિના જ શું તમે એની શાન્તિને છીનવી લેશો ?

*

માનવનું મૂલ્ય, એ શું શીખે છે અથવા એનો ઓધ્ધો કે ખ્યાતિ કેવી છે અથવા એ શું કરે છે તેના પર નહીં પણ એ પોતે શું છે અને અંદરથી શું બને છે તેના પર અવલંબે છે.

*

જગત પ્રત્યે તમે નીડરતા અને પ્રભુતામાં સિંહ જેવા, ધીરજ અને સેવામાં ઊંટ જેવા, શાન્તિ અને સહિષ્ણુતા અને માતા સમી હિતકરતામાં ગાય જેવા

બનો. સિંહ જેમ પોતાના શિકાર ઉપર તરાપ મારે તેમ પ્રભુની બધીય મોજો ઉપર તૂટી પડો, પણ સાથે સાથે એ વિપુલ ઉન્માદના નિઃસીમ ખેતરમાં ભટકવા અને ચરવા આખી માનવજાતિને પણ લઈ આવો.

*

વીરતા વિના માનવ પ્રભુત્વમાં વૃદ્ધિ પામી શકતો નથી; હિંમત, શક્તિ અને બળ ક્રિયામય દિવ્ય પ્રકૃતિનાં સૌથી પહેલાં તત્ત્વો છે.

*

માનવતા એ સૌથી ઊંચી દેવતા નથી; પ્રભુ માનવતાથી વિશેષ છે; પરન્તુ આપણે એને માનવતામાં પણ મેળવવાનો અને આરાધવાનો છે.

*

કશું પણ અનામત રાખ્યા વિના જેઓ પોતાનાં સર્વ અંગોમાં ભગવાનને પોતાનું સમર્પણ કરે છે તેમને ભગવાન પણ પોતાનું સમર્પણ કરે છે. તેમને



માટે જ છે સ્થિરતા, જ્યોતિ, શક્તિ, આહ્લાદ, મુક્તિ, વિશાલતા, જ્ઞાનનાં શિખરો, આનન્દના સાગરો.

*

જીવનનો બોધપાઠ એ છે કે હમેશ આ જગતમાં બધું જ માનવને દગો દે છે—માત્ર ભગવાન જ એને દગો દેતા નથી, જો એ પૂરેપૂરો ભગવાન પ્રત્યે વળે તો. તમારા પર ફટકા પડે છે તે એ કારણે નહિ કે તમારામાં કશુંક ખરાબ છે – બધા જ માનવોને ફટકા પડે છે કેમકે તેઓ એવી વસ્તુઓની કામનાથી ભરપૂર છે જે ટકી શકતી નથી પણ ચાલી જાય છે, અથવા જો મળે તો યે નિરાશા જ આણે છે અને સંતોષી શકતી નથી. ભગવાન પ્રત્યે વળવું એ જ જીવનમાં એકમાત્ર સત્ય છે.

*

સુખ મળે છે અન્તરાત્માની અને નહીં કે પ્રાણમયની અથવા શરીરની તૃપ્તિમાંથી. પ્રાણમયને કદી પણ તૃપ્તિ નથી; શરીરને જે કંઈ સહેલાઈથી કે હમેશ

મળે તેનાથી એ રીઢું બની જાય છે. માત્ર ચૈત્ય પુરુષ અથવા અન્તરાત્મા જ સાચો હર્ષ અને સુખ આણે છે.

*

જો તમારે પ્રભુનું જીવન્ત સાન્નિધ્ય સ્થાપવું હોય તો મન્દિર ચોખ્ખું રાખવું પડશે.

*

પવિત્રતા એટલે બીજી કોઈપણ અસરને ન સ્વીકારતાં માત્ર ભગવાનની જ અસરને સ્વીકારવી.

*

જ્યાં સુધી તમારું કોઈ પણ અંગ જગતનું હશે ત્યાં સુધી જગત તમને હેરાન કર્યા જ કરશે. જો તમે પૂરેપૂરા ભગવાનના બનશો તો જ મુક્ત થશો.

*

દિવ્ય પ્રેમનું દબાણ સહન કરી શકવા માટે પહેલાં પોતે જ દિવ્ય હોવું જોઈએ.

*



જો તમે એક બાજુએ સત્ય પ્રત્યે ખુલ્લા થાઓ અને બીજી બાજુએ અનિષ્ટ બળો પ્રત્યે સતત દર-વાજા ખોલ્યા જ કરો, તો પછી પ્રભુનો અનુગ્રહ જાળવી રાખવાની અપેક્ષા વ્યર્થ છે.

*

પ્રભુ માત્ર શાન્ત મન્દ અવાજમાં જ નથી, પણ દાવાનળ અને ઝંઝાવાતમાં પણ છે.

*

સત્તાનો આનન્દ કાળમાં સીમિત નથી. એ તો અનાદિ અને અનન્ત છે. પ્રભુ વસ્તુઓના એક રૂપને ત્યજે છે તે તો માત્ર બીજા રૂપને ધારણ કરવા માટે જ.

*

અતીતતા રૂપાન્તરિત કરે છે; એ તોડ કાઢતી નથી પણ વિરોધી દ્વન્દ્વોને તેમનાથી પર રહેલા તેમજ તેમના વિરોધોને લુપ્ત કરનારા એવા કશાકમાં પલટી નાખે છે.

*

અંદર રહેલો દિવ્ય ગુરુ આપણા બંડવડે રોષે ભરાતો નથી, આપણી અશ્રદ્ધાવડે હતાશ થતો નથી કે આપણી નિર્બળતાથી પાછો પડતો નથી; એનામાં તો છે માનું પૂરું વાત્સલ્ય અને ગુરુની પૂરી ધીરજ.

*

પ્રભુની ક્રિયા એવી નથી જેને અહંભાવાત્મક મન ઇચ્છે અથવા મંજૂર કરે; કેમકે એ તો સત્ય પર પહોંચવા માટે ભૂલનો, આનન્દ પર પહોંચવા માટે દુઃખનો, પૂર્ણતા પર પહોંચવા માટે અપૂર્ણતાનો ઉપયોગ કરે છે.

*

ઊંડામાં ઊંડી વાસ્તવિકતામાં, નિઃસીમપણે એક એ નિઃસીમપણે અનેક પણ છે; આપણે માત્ર એના કોઈ પ્રતિબિંબ કે અંશ જ નથી, પણ આપણે એ પોતે જ છીએ.

*



પ્રભુ છે તો એક, પણ એ કંઈ પોતાના એકત્વથી મર્યાદિત બનેલો નથી.

*

જો તારું હૃદય તને કહે, "આ રીતે અને અમુક સાધનોથી અને અમુક વખતે એ થશે," તો એને માનતો નહીં. પણ જો એ તને પ્રભુના આદેશની વિશાળતા અને નિર્મળતા આપે તો એને સાંભળજે.

*

જ્યારે તારી પાસે આદેશ હોય ત્યારે માત્ર એને સિદ્ધ કરવાની જ કાળજી રાખ. બાકીનું તો બધું પ્રભુની ઇચ્છા અને ગોઠવણ છે જેને લોકો અકસ્માત અને નસીબ અને ભાગ્ય કહે છે.

*

જગતને શાસનારું બળ ઓછામાં ઓછું તમારા જેટલું તો શાણું છે જ અને જગતના વહીવટમાં તમારી સલાહ લેવાની કે તમને ખુશ રાખવાની કંઈ ખાસ જરૂર નથી. એની કાળજી રાખનારો પ્રભુ છે.

*

જગતમાં મુક્ત સંકલ્પ માત્ર એક જ છે જેને અમલમાં મૂકનારી પ્રકૃતિ છે; કેમ કે બીજા બધાય સંકલ્પોની એ સ્વામી અને સર્જક છે.

*

તમારે મુશ્કેલી કરતાં વધારે ચિવ્વટાઈભર્યા થવાનું છે— એ સિવાય બીજો કોઈ રસ્તો નથી.

ભગવાનને પહોંચવાના અન્તરાત્માના સમગ્રાત્મક સંકલ્પ સામે કશાનું ય ચાલી શકે એમ નથી.

*

તમે પ્રસન્ન અને વિશ્વાસસંપન્ન રહો. સંશય અને કામનાની ટોળી તો અલબત્ત છે જ, પણ તમારી અંદર ભગવાન પણ છે. આંખો ખોલો અને જુઓ, બસ, જુઓ; ક્યાં સુધી? જ્યાં સુધી પડદો ચીરાય અને તમને પ્રભુ કે મા ભગવતી દેખાય ત્યાં સુધી.

*

અભીપ્સા ન કરનારા અન્તરાત્માઓ પ્રભુની નિષ્ફળતાઓ છે.

*



એવું તે શું નવું છે જે આપણે હજી સિદ્ધ કરવાનું છે? પ્રેમ, કેમ કે હજી સુધી આપણે સિદ્ધ કર્યા છે દ્વેષ અને સ્વ-સંતોષ; જ્ઞાન, કેમ કે હજી સુધી તો આપણે સિદ્ધ કર્યા છે ભ્રમ અને ઇંદ્રિયદર્શન અને ચિન્તન; આહ્‌લાદ, કેમકે હજી સુધી તો આપણે સિદ્ધ કર્યા છે હર્ષ અને શોક અને ઉદાસીનતા; શક્તિ, કેમકે હજી સુધી તો આપણે સિદ્ધ કર્યાં છે નિર્બળતા અને પ્રયાસ અને પરાજયભર્યા વિજય; જીવન, કેમકે હજી સુધી તો આપણે સિદ્ધ કર્યા છે જન્મ અને વૃદ્ધિ અને મૃત્યુ; એકતા, કેમકે હજી સુધી તો આપણે સિદ્ધ કર્યાં છે યુદ્ધ અને સંગઠન.

*

પ્રેમ છે મુખ્ય સ્વર, આનન્દ છે સંગીત, શક્તિ છે આલાપ, જ્ઞાન છે વાદક, નિઃસીમ સર્વાત્મા છે સ્વરવિધાયક અને શ્રોતાગણ. આપણે તો જાણીએ છીએ માત્ર આરંભના વિસંવાદો, અને સંવાદ

જેટલો મહાન થવાનો છે, તેટલા જ એ વિસંવાદો કર્કશ છે; પરંતુ ભગવાનના આહ્‌લાદોની સમરસતાને આપણે જરૂર પહોંચીશું.

*

આત્મા આપણી સત્તાનું સત્ય છે; મન તથા જીવન તથા શરીર તેમની અપૂર્ણતામાં એના સ્વાંગો છે, પણ તેમની પૂર્ણતામાં એના ઢાળો બનશે.

*

આપણે ભૂતકાળની ઉષાઓના નથી પણ ભાવના મધ્યાહ્નોના છીએ.

*

આધ્યાત્મિક શોધનો ઉદ્દેશ એ છે કે જે સનાતન-પણે સત્ય છે તેને શોધવું અને નહીં કે કાળમાં જે નવીન છે તેને.

*

આપણી વર્તમાન મર્યાદાઓમાં કશી પણ અનિવાર્ય આવશ્યકતા નથી.

*



જનાવર અલ્પતમ જરૂરિયાતથી સંતુષ્ટ છે: દેવો પોતાના વૈભવોથી સંતુષ્ટ છે; પરંતુ માનવ, જ્યાં સુધી એ કોઈ પરમ શ્રેયને પહોંચતો નથી ત્યાં સુધી કાયમને માટે જંપી શકતો નથી. જીવન્ત સત્ત્વોમાં એ સૌથી મહાન છે કેમકે એ સૌથી અસંતુષ્ટ છે અને એને મર્યાદાઓનું દબાણ સૌથી વધુ સાલે છે.

*

માનવ-જીવન પર નિઃસીમનું એવું દબાણ છે જે એને કોઈ પણ ઘાટમાં લાંબો વખત ઠરવા દેતું નથી, કંઈ નહિ તો જ્યાં સુધી પોતાના અત્યય અને પોતાની કૃતાર્થતાના રૂપનું બનનારું કંઈક એણે પોતામાંથી પ્રગટાવ્યું ન હોય ત્યાં સુધી તો નહીં જ.

*

આ ભૂલ કરનારી માનવજાતિ હમેશ એમ સ્વપ્નાં સેવે છે કે રાજ્યતન્ત્રના અને સમાજના યન્ત્રવડે માનવની પરિસ્થિતિની પૂર્ણતા પ્રાપ્ત થઈ શકશે; પણ માત્ર અંદર રહેલા અન્તરાત્માની પૂર્ણતા વડે જ

બહારની પરિસ્થિતિની પૂર્ણતા મળી શકે. તારું જે અંદરનું સ્વરૂપ છે તેને જ તું તારી બહાર ભોગવી શકશે; કોઈ પણ યન્ત્ર તને તારી સત્તાના નિયમમાંથી ઉગારી શકશે નહીં.

*

દિવ્ય માનવ બનવું એટલે સ્વરાટ્ અને સમ્રાટ્ બનવું, પરંતુ બહારના કરતાં કોઈ જુદા જ અર્થમાં.

*

આજે જે હું નથી કરી શકતો તે હું હવે પછી જે કરી શકીશ તેની નિશાની છે. અશક્યતાનો ભાવ બધી ય શક્યતાઓની શરૂઆત છે.

*

બીજાઓને 'મદદ કરવા'ની કામનામાં ફસાશો નહીં– જે સાચી વસ્તુ હોય તે અંદરની સમતુલામાંથી કરો અને કહો અને તેમને મદદ કરવાનું ભગવાન પર છોડો. વસ્તુતઃ કોઈપણ મદદ કરી શકતું નથી– માત્ર ભગવાનનો અનુગ્રહ જ મદદ કરી શકે છે.

*



દાઝવું એ જેમ અગ્નિ સાથેની રમતનું સ્વાભાવિક ફળ છે તેમ દુઃખ ભૂતકાળની ભૂલોનું સ્વાભાવિક ફળ છે અને સજા નથી. એ તો અન્તરાત્માના અનુભવનો એક અંશ છે જેનાવડે પોતાનાં કરણો દ્વારા એ શીખે છે અને વિકાસ પામે છે અને આખરે ભગવાન પ્રત્યે વળવા માટે તૈયાર થાય છે.

*

તર્કબુદ્ધિનું વ્યવસ્થિત સ્ફુરણામાં રૂપાન્તર કર; તારા સમસ્ત સ્વરૂપને જ્યોતિર્મય થવા દે. એ તારું લક્ષ્ય છે.

*

ઘડાવામાં પણ મઝા છે, ઉપયોગમાં લેવાવામાં પણ મઝા છે, બાજુએ મુકાઈ જવાવામાં પણ મઝા છે અને ભાંગી નખાવામાં પણ મઝા છે. એ સમાન મઝાને તું શોધી કાઢ.

*

ઉપભોગનું કોઈ એકસરખા અને અહેતુક આનન્દો-

દ્રેકમાં રૂપાંતર કર; તારા સમસ્ત સ્વરૂપને આનન્દમય થવા દે. એ તારું લક્ષ્ય છે.

*

જીવનના બધાય કાયદા તત્ત્વતઃ સંવાદિતાના જ કાયદા છે.

*

**ની**ચેનાને એમ ને એમ છોડી ન દેવું, પણ આપણે પ્રાપ્ત કરેલી ઉપરતાની જ્યોતિમાં એને પલટી નાખવું એ પ્રકૃતિની સાચી દિવ્યતા છે.

*

**બી**જાઓના જેવી જ ચીજો કરવા માટે તમે શા માટે પ્રયત્ન કરો છો? પોતાને જે કંઈ કરવાની પ્રેરણા થાય તે જ કરવું પોતાને માટે સૌથી સારું છે.

*

**જે** કોઈ પૃથ્વીની પ્રકૃતિ પલટવા માગતું હોય તેણે એને પલટવા માટે પહેલાં તો એને સ્વીકારવી જ પડે.

*



**આ**પણી પ્રકૃતિમાં રહેલું દરેક તત્ત્વ કુદરતી રીતે જ તેના પોતાના ક્ષેત્રમાં પૂર્ણતાને શોધે છે અને જો એને કોઈ ઉચ્ચતર શક્તિને આધીન બનવું પડે, તો તે તો એ શક્તિ ખુદ એના પોતાના જ ક્ષેત્રમાં પણ વધારે મોટી પૂર્ણતા અને વધારે સભર સંતોષ આપે છે એ કારણે જ.

*

**આ**પણે આગળ વધવું તો પડશે જ, કેમકે જો આપણે તેમ નહીં કરીએ તો આપણે માની લીધેલી નિશ્ચલતાને ન ગણકારી, કાળ પોતે જ આપણને આગળ ધકેલશે.

*

કોઈ વચગાળેની અવસ્થાને અન્તિમ લક્ષ્ય તરીકે ગણવા કરતાં અથવા કોઈ વિસામાના સ્થાન પર લાંબો વખત પડી રહેવા કરતાં વધારે ખતરનાક ભૂલ બીજી કોઈ નથી.

*

મહાન શક્તિઓનો દુરુપયોગ એ કંઈ તેમના સદુપયોગ સામેની દલીલ નથી. પાછા જવું અશક્ય છે; એવો પ્રયત્ન જ, ખરેખર, એક ભ્રમણા છે.

*

ભૌતિકે આધ્યાત્મિક સામે ઊભો કરેલો અન્તરાય કંઈ ભૌતિકના પરિત્યાગ માટેની બિલકુલ દલીલ નથી; કેમકે વસ્તુઓના અદૃષ્ટ વિધાનમાં આપણી મોટામાં મોટી મુશ્કેલીઓ જ આપણી સર્વોત્તમ તકો છે.

*

આપણી પોતાની અંદર નિઃસીમ એકત્વને પ્રાપ્ત કરીને પછી જગતને આપણું પોતાનું સમર્પણ કરવું એ છે અફાટ મુક્તિ અને પરમ સામ્રાજ્ય.

*

આપણે ગમે એટલા ઊંચા ચઢીએ, પણ જો આપણા પાયાને આપણે ભૂલીએ તો એ ચઢેલું બરાબર નથી.

*



જો આપણે આપણા લક્ષ્ય પ્રત્યે દૃઢ રહીએ તો ભગવાનના માર્ગમાં પર્યન્તે નિષ્ફળતા છે જ નહીં.

*

માર્ગ ઉપર કરેલી ભૂલો ઘણી વખત માર્ગથી આડે ઊતરીને કરેલી ભૂલો કરતાં વધારે બોધદાયી હોય છે.

*

જો આપણે પડીએ તો એ તો માત્ર આખરે કોઈ વધુ સારી રીતે ચાલવાનું રહસ્ય શીખવા માટે જ.

*

તમારી ખામીઓ અને ખોટી ગતિઓનો જ હમેશ વિચાર ન કર્યા કરો. તમે શું થવા માગો છો તેના ઉપર, આદર્શ ઉપર, વધારે એકાગ્રતા કરો અને એવી શ્રદ્ધા રાખો કે એ તમારી સમક્ષ રહેલું લક્ષ્ય હોઈ સિદ્ધ થવું જ જોઈએ અને થશે જ.

*

દોષો અને ખોટી ગતિઓને જ હમેશ જોયા

કરવાથી હતાશા થાય છે અને શ્રદ્ધા મન્દ પડે છે. પાસે રહેલા અંધકાર પરથી તમારી નજર ખસેડી લઈને આવી રહેલા પ્રકાશ તરફ વાળો. શ્રદ્ધા, પ્રસન્નતા અને અન્તિમ વિજયમાં વિશ્વાસ એ સહાય કરનારી વસ્તુઓ છે અને તેઓ પ્રગતિને વધુ સહેલી અને વધુ ઝડપી બનાવે છે.

*

પોતાની નિર્બળતા અને ખોટી ગતિઓને પારખવી અને તેમાંથી પાછા હટી જવું એ મુક્તિ પ્રત્યેનો માર્ગ છે.

*

જગતમાં માત્ર અરધો ડઝન જેટલી જ સફળ ક્રાન્તિઓ થઈ છે અને તેમનામાંની પણ મોટા ભાગની તો લગભગ નિષ્ફળતા જેવી જ હતી, છતાં મહાન અને ઉદાત્ત નિષ્ફળતાઓ વડે જ માનવજાતિ આગળ વધે છે.

*



ઘણી વખત આપણી નિષ્ફળતા કે અનિષ્ટ પરિણામ, કોઈ તાત્કાળિક અને પૂર્ણ સફળતા કરતાં, વધુ સાચા અન્ત પ્રત્યે જવાનો ખરો માર્ગ હોય છે.

*

બધી જ સંપૂર્ણ પૂર્ણતાની અંદર વીરનું અથવા તો ખુદ અસુરનું પણ અમુક તત્ત્વ હોવું જોઈએ.

*

ઉદ્દેશને દૃઢપણે વળગી રહ્યા વિના અને લાંબા પ્રયત્ન વિના કોઈપણ વિજય મળી શકતો નથી. ચિવ્વટાઈભર્યા પ્રયાસ વિના બીજો કોઈ જ રસ્તો નથી.

*

જીતનો આનન્દ કેટલીક વખત સંઘર્ષ અને દુ:ખના આકર્ષણ કરતાં ઓછો હોય છે, તેમ છતાં દ્વિગ્વિજયી માનવ અન્તરાત્માનું લક્ષ્ય વિજયમાળ હોવું જોઈએ અને નહિ કે આત્મબલિદાનનો ક્રૉસ.

*

અંદરના વિજયમાંથી જ બહારની જીત પ્રગટ થાય છે.

*

જેણે નિઃસીમને પસંદ કર્યો છે તેને નિઃસીમે પસંદ કરેલો છે.

*

એવા જૂજ જ છે જેમનાથી ભગવાનનો અનુગ્રહ દૂર જતો રહેતો હોય, પણ એવા ઘણા છે જેઓ ભગવાનના અનુગ્રહથી દૂર જતા રહેતા હોય.

*

પ્રકૃતિની દરેક સંયોજન-ગૂંચમાં કોઈ પદ્ધતિ છે અને એની સૌથી વધુ અછૂટ ગાંઠ માટે કોઈ ઉકેલ છે.

*

આખુંય જગત મુક્તિને ઝંખે છે, છતાં ય દરેક જન્તુને પોતાનાં બન્ધનોમાં પ્રીતિ છે; આપણી પ્રકૃતિમાં આ પહેલો વિરોધ અને અછૂટ ગાંઠ છે.

*



માનવને સુખમાં પ્રીતિ છે; તેથી જ તેને દુઃખ અને શોકની ઝંસરી વહેવી પડે છે. નિર્ભેળ આનન્દ તો માત્ર મુક્ત અને વીતરાગ અન્તરાત્માને માટે જ છે.

*

જ્યારે આપણે ઉપભોગોથી પર જઈશું ત્યારે જ આપણને આહ્લાદ મળશે. કામના સહાયક હતી; કામના જ અન્તરાયરૂપ છે.

*

ન્યૂન કેટલીક વાર અધિક કરતાં વધારે હોય છે.

*

જેને ઊંચી આધ્યાત્મિક પદવીઓ મેળવવી હોય તેણે પાર વિનાની કસોટીઓ અને પરીક્ષાઓ પસાર કરવી પડે. પણ ઘણાખરા તો પરીક્ષકને લાંચ આપવા જ આતુર હોય છે.

*

જે પોતે મુક્ત હોય તે જ બીજાને મુક્ત કરી શકે.

*

મુક્ત રહેવું અને તે છતાં સાધારણ માનવો જેવું જીવન જીવવું જગતમાં બહુ જ કઠણ છે; પણ એ કઠણ છે એટલે તો એને અજમાવવાનું છે અને સિદ્ધ કરવાનું છે.

*

પર્યન્તે તો માનવજાતિને પ્રગતિ કરાવવાનો સારામાં સારો રસ્તો એ છે કે પોતે જ આગળ વધવું.

*

મોટામાં મોટી મુશ્કેલીમાંથી મોટામાં મોટી શકિત જન્મ પામે છે.

*

આપણી ઇન્દ્રિય-ચેતનાએ પોતાની અસમર્થતા વડે અંધારાની કલ્પના ઊભી કરી છે. ખરું જોતાં તો પ્રકાશ સિવાય બીજું કશું છે જ નહીં, માત્ર એ આપણી પામર માનવ-દૃષ્ટિની સીમિત મર્યાદાની ઉપર અથવા તો નીચે રહેલું પ્રકાશનું બળ છે.

*



ગાઢમાં ગાઢ રાત્રિઓ જ મોટામાં મોટી ઉષાઓને તૈયાર કરે છે.

*

આ વિશ્વમાં બે મહાન બળો છે, નીરવતા અને વાણી. નીરવતા તૈયાર કરે છે, વાણી સર્જે છે. નીરવતા કર્મ કરે છે, વાણી કર્મનો આવેગ સમર્પે છે. નીરવતા ફરજ પાડે છે, વાણી વીનવે છે.

*

નીરવતાઓના બે પ્રકાર છે-વિનાશની ઘોષણા કરનારું જડતાનું લાચાર મૌન અને જીવનની સંવાહિતા આદેશનારી મૌનની વિશ્વાસસંપન્ન પ્રભુતા.

*

નીરવતા, મૌન તેમજ જ્યોતિર્મય નિષ્ક્રિયતા માટે સમર્થ બનવું એટલે અમૃતત્વ માટે લાયક બનવું.

*

ઘોંઘાટ અને પ્રવૃત્તિનું બળ, બેશક, મોટું છે—

જેરિકોની દીવાલો ઘોંઘાટના જોરથી ન્હોતી તૂટી? પણ મૌન અને નીરવતામાં તૈયાર થતી મહાન શક્તિઓનું બળ તો નિઃસીમ છે.

*

સંપૂર્ણ આન્તર મૌનમાંથી જ સાચામાં સાચી વાણી બહાર આવે છે.

*

મોટે ભાગે આપણે જીવવામાં અને વિચારવામાં એટલા તો ગુંથાયેલા હોઈએ છીએ કે આપણને નીરવ બનવાની અને જોવાની ફૂરસદ જ હોતી નથી.

*

પૃથ્વીનાં પ્રલોભનોની જેમ જ સ્વર્ગનાં પ્રલોભનોને પણ જીતવાનાં છે.

*

અસ્તિત્વનો હેતુ નીતિને ખાતર નીતિનું આચરણ નથી પણ આનન્દ છે.

*



મન અને હૃદય બન્ને વડે નિશ્ચળપણે બીજાનું હિત ચાહવું એ આપણાથી એને આપી શકાતી સૌથી ઉત્તમ સહાય છે.

*

સારાનો ધડો અને ધોરણ ઉપયોગિતા નહીં પણ સારું પોતેજ હોવું જોઈએ.

*

દુષ્કર્મો તો કેવળ અનિયન્ત્રિત પટોમાં શક્તિનું ઊભરાવું છે.

*

મહાપુરુષો કંઈ હમેશ ચારિત્ર્યના નમૂના હોતા નથી.

*

ઘણાખરા મહાપુરુષો પોતે મહાન છે એમ બરાબર જાણતા હોય છે.

*

હરેક માનવ માત્ર સામાન્ય માનવજાતિનો જ નથી, પણ પોતામાં રહેલા નિઃસીમનો છે અને તેથી જ અજોડ છે.

*

સમષ્ટિ કે સમુદાયવડે પોષાતી વ્યક્તિ અને વ્યક્તિની સહાયથી ઘડાતી સમષ્ટિ કે સમુદાય,—જીવનનાં આ બે ધ્રુવબિન્દુઓની વચમાં કોઈ સમતુલનની ઉપર અને સંવાદિતા પ્રત્યેની કોઈ સતત વૃત્તિની ઉપર પ્રકૃતિની સમસ્ત પ્રક્રિયાનો આધાર છે.

*

આપણે આપણાં જીવનમાં અને સ્વરૂપમાં માત્ર આપણે પોતે જ નથી પણ બીજાં બધાંય છીએ; કેમકે સર્વત્ર કોઈ છૂપી એકતા રહેલી છે; આપણો અહંભાવ ભલે એ એકતાને ઠોકર મારે અને એની સામે થાય, પણ એમાંથી આપણે છટકી શકતાં નથી.

*



એવા પણ પરોપકારીઓ છે જેમને, દુનિયામાં જો હમેશ ગરીબો ન હોય તો બેચેની થાય કેમકે પછી તેમને માટે દાન કરવાનું ક્ષેત્ર જ ન રહે.

*

અનુકરણ કેટલીક વાર એક સારું શિક્ષણ—જહાજ છે; પણ એના ઉપર નૌકા-સેનાપતિનો વાવટો કદી પણ ફરકવાનો નથી.

*

યુદ્ધ એક ભયંકર શિક્ષક છે અને ભૌતિક વિજય ઘણી વખત નૈતિક પરાજય પ્રત્યે લઈ જાય છે.

*

ચારિત્ર્ય વિના, કોઈક જાતના ઊંચા કે બળવાન શિસ્ત વિના, ટકી રહેનારું જીવનનું બળ હોતું નથી.

*

વસ્તુતઃ માનવનો પરમ ન્યાય વ્યવહારમાં સહેલાઈથી કોઈ સંપૂર્ણ અન્યાય બની જાય છે.

*

બધાં ધોરણો અને નિયમો જડ પરથી આત્મા પ્રત્યેની પોતાની ગતિમાં અહંભાવની જરૂરિયાતો પર રચાયેલાં કામચલાઉ ઘડતરો છે.

*

આપણાં દુરાચરણો કોઈ શોધી રહેલી શક્તિનાં આડે દોરવાયેલાં પગલાં છે; એ શક્તિનું લક્ષ્ય દુરાચરણ નથી પણ પૂર્ણતા છે, અર્થાત આપણે જેને કોઈ દિવ્ય સદાચરણ કહી શકીએ તેવું કશુંક છે.

*

ન્યાય કેટલીક વખત એવું માગે છે જેને પ્રેમ તિરસ્કારે છે.

*

એને માટેજ આશા છે: પ્રભુના સ્પર્શને પામેલા તેમ જ તેનાવડે ખેંચાયેલાને માટે અને અશ્રદ્ધાળુ શોધક તેમજ આપમતિયા નિરીશ્વરવાદીને માટે; પણ બધા ધર્મોના સંપ્રદાયચુસ્તો અને મુક્ત ચિન્તનના પોપટો માટે તો કહી શકીએ કે તેઓ,



પોતે જેને જીવન કહે છે એવા મૃત્યુને અનુસરી રહેલા મૃતાત્માઓ છે.

*

સ્વાર્થી બાયલા કરતાં અથવા પ્રભુ સાથે તુચ્છ છેતરપીંડીનો વેપાર કરનારા કરતાં તો બળવાન પાપી સારો; એની અંદર વધારે દિવ્યતા છે, ઊંચા ચઢવાનું વધારે સામર્થ્ય છે.

*

અલબત્ત, વિપત્તિ અને દુઃખને તો ઘણીવાર પાપની સજા તરીકે લેખવા કરતાં પુણ્યની બક્ષિસ તરીકે લેખવાં જોઈએ, કેમકે વિકસવા મથતા અન્તરાત્માને માટે એ સૌથી મોટાં સહાયક અને પાવનકારક નીવડે છે.

*

શાન્તિ આપણામાં હોવી જોઈએ, પણ કોઇ ખાલીખમ અથવા ખેદાનમેદાન થયેલી પ્રકૃતિની કે હણાયેલાં અને છેદાયેલાં સામર્થ્યોની શાન્તિ નહીં,

તેમજ આપણાવડે તીવ્રતા અને ધગધગાટ અને જુસ્સાને માટે અસમર્થ બનાવાયેલાં હોવાને કારણે અશાન્તિની તાકાત જ જેમનામાં નથી રહી તેવાં સામર્થ્યોની શાન્તિ નહીં.

*

**પ**વિત્રતા આપણું લક્ષ્ય હોવું જોઈએ, પણ કોઈ પ્રસન્નતા–વિહોણી અને અક્કડ ભાવહીનતાની કે કોઈ શૂન્યતાની પવિત્રતા નહીં.

*

**બ**લિદાન સદાયે આપ્યા જ કર, આપ્યા જ કર, આપ્યા જ કર, પણ પ્રભુ અને માનવતાને ખાતર, નહીં કે બલિદાન આપવા ખાતર.

*

**સ્વાર્થી**પણું અન્તરાત્માને હણે છે; એનો વિનાશ કર. પણ સંભાળ રાખજે કે તારું પરગજુપણું બીજા-એના અન્તરાત્માને ન હણે.

*



**મોટે** ભાગે પરગજુપણું સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્વાર્થીપણું જ હોય છે.

*

પરગજુપણું, ફરજ, કુટુંબ, દેશ, માનવતા, એ બધાં જ્યારે અન્તરાત્માનાં કરણો નથી હોતાં ત્યારે એનાં કેદખાનાં હોય છે.

*

**મા**નવના વિપત્તિ–વૃક્ષની ડાળો કાપી નાખવી એ સારું છે, પણ એ તો પાછી ઊગે છે; એને એનાં મૂળો ઉખેડવામાં મદદ કરવી એ એના કરતાં પણ વધારે દિવ્ય સહાય છે.

*

**જ્યારે** કોઈપણ કાર્ય માનવની નજરે લુપ્ત અને આશારહિત બને ત્યારે બધું ખલાસ થઈ ગયેલું નથી હોતું; બધું ખલાસ તો ત્યારે જ થાય છે જ્યારે અન્તરાત્મા પોતાનો પ્રયાસ છોડી દે છે.

*

**સ્વાર્થી**પણું એક માત્ર પાપ છે, હલકટપણું એક માત્ર દુષ્કર્મ છે, દ્વેષ એક માત્ર ગુનેગારી છે. બીજું બધું સહેલાઈથી સારામાં ફેરવી શકાય છે, પણ આ તો દિવ્યતાના જક્કીમાં જક્કી વિરોધીઓ છે.

*

**સુધારો** કેટલીક વાર ખાડામાં પડવાનું પહેલું પગથિયું હોય છે, પણ નિશ્ચેષ્ટતા તો બંધિયાર બની જવાનો અને કહોઈ જવાનો સૌથી શ્રેષ્ઠ માર્ગ છે.

*

**આપણને** વાદો અને પક્ષોના રૂપમાં વિચારવું ગમે છે અને આપણે ભૂલી જઈએ છીએ કે સત્ય જ એકમાત્ર ધોરણ છે.

*

**ન્યાય** અને નીતિમત્તાની સિદ્ધિને માટે સન્તની પવિત્રતાના જેટલી જ લડવૈયાની તલવાર જરૂરી છે.

*



**જીવનનું** જાળું ઇષ્ટ અને અનિષ્ટના મિશ્ર રૂપનું રચાયું છે, અને પ્રભુ પોતાનાં લક્ષ્યોને ઇષ્ટની જેમ જ અનિષ્ટ દ્વારા પણ સિદ્ધ કરે છે.

*

**ભયની** લાગણીને તો તમારે હમેશ દૂર જ રાખવી જોઈએ, કેમકે તમે જેનાથી બીતા હો તે જ વસ્તુ તમારી પાસે આવવાનો સંભવ છે; ભય ભયના વિષયને ખેંચી લાવે છે.

*

**જો** નીતિનો આવેગ સ્વસ્વરૂપે માનવના વિકાસ માટે પૂરતો ન હોય, તો પણ સંકલ્પબળ, ચારિત્ર્ય, આત્મ-સંયમ અને આત્મ-સ્વામિત્વ વિકાસને માટે અનિવાર્ય છે. તેઓ મનોમય સત્તાના આધારસ્તંભ છે.

*

**આદર્શો** અને આદર્શવાદીઓ જરૂરી છે; આદર્શો જીવનનો રસ અને સાર છે, આદર્શવાદીઓ જીવનનાં

પ્રયોજનોના સૌથી બળવાન દ્રષ્ટાઓ અને મદદનીશો છે.

*

સર્વ અહંભાવી હેતુઓથી મુક્ત, વાણી અને કર્મમાં સત્યની કાળજીવાળા, સ્વચ્છન્દીપણા અને મમતથી રહિત અને બધી બાબતોમાં સાવચેત બનવું, એ છે દોષહીન સેવક બનવાની શરત.

*

બીજા તમારે માટે શું વિચારે છે તે અગત્યનું નથી, પણ તમે પોતે શું છો તે અગત્યનું છે.

*

આદર્શને ધારણ કરવો એ આદર્શ અનુસાર ન જીવવા માટેનું એક બહાનું જ લગભગ બની જાય છે.

*

જ્યારે આપણે જ્ઞાનવૃત્તિઓથી પર જઈશું ત્યારે જ આપણને જ્ઞાન મળશે. તર્કબુદ્ધિ સહાયક હતી; તર્કબુદ્ધિ અન્તરાયરૂપ છે.

*



કેળવણીનો મુખ્ય ઉદ્દેશ એ હોવો જોઈએ કે વૃદ્ધિ પામતા અન્તરાત્માની પોતાની અંદર જે કંઈ સર્વશ્રેષ્ઠ હોય તેને બહાર લાવવામાં અને એને કોઈ ઉદાત્ત ઉપયોગને માટે પૂર્ણ બનાવવામાં એ અન્તરાત્માને સહાય કરવી.

*

સાચા શિક્ષણનો પહેલો સિદ્ધાન્ત એ છે કે કશું જ શીખવી શકાતું નથી. શિક્ષક કંઈ ઉપદેશ દેનારો કે સજા કરનારો મહેતાજી નથી, એ તો છે સહાયક અને દોરનારો.

*

સાચું જ્ઞાન ભગવાનના સ્પર્શવડે અંદરથી આપમેળે જ થાય છે. વાંચન તો માત્ર મનને તૈયાર કરવા માટેની એક તત્કાળપૂરતી સહાય છે. પણ સાચું જ્ઞાન વાંચનથી થતું નથી. આન્તર જ્ઞાનને માટે થોડી તૈયારી સહાયક થઈ શકે પણ મનને બાહ્ય બાજુએ

ખુબ સક્રિય બનવા અથવા તો માત્ર કુતૂહલને ખાતર જ જ્ઞાનને શોધતું થવા દેવું ન જોઈએ.

*

જ્યારે જ્ઞાન આપણામાં તાજું હોય છે ત્યારે એ દુર્જેય હોય છે; જ્યારે એ જૂનું થાય છે ત્યારે પોતાનો પ્રભાવ ગુમાવે છે. આમ થવાનું કારણ એ છે કે પ્રભુ હમેશ આગળ ધપે છે.

*

જ્યારે જ્ઞાનનું અનુસરણ જ્ઞાનને જ ખાતર થતું હોય છે ત્યારે જ માત્ર આપણો સાચા જ્ઞાનને પહોંચવાનો સંભવ છે.

*

જો પોતે ટકી રહેવા અને કાયમનું બનવા માગતું હોય તો જ્ઞાને આક્રમણશીલ બનવું જોઈએ; પોતાની નીચે અથવા આસપાસ કોઈ વ્યાપક અજ્ઞાનને રહેવા દેવું એ તો માનવજાતિને જંગલી દશાના પુનરા-



વર્તનના કાયમના ભય પ્રત્યે ખુલ્લી રાખવા બરાબર છે.

*

કાં તો જ્ઞાને ઉપરથી પોતાની અભિવૃદ્ધિ કરવી પડે, નહીં તો એને અજ્ઞાનમય રાત્રિમાં ડૂબી જવાનો હમેશ ભય રહે.

*

માત્ર એ જ વિચારો સાચા છે જેમનો વિરોધી વિચાર પણ એના પોતાના સમયમાં અને વિનિયોગમાં સાચો હોય છે; નિર્વિવાદ દુરાગ્રહો સૌથી વધુ ભયંકર પ્રકારનું અસત્ય છે.

*

અનેકમુખી અને આખા સત્યને જોવા કરતાં જોસભર્યાં તાર્કિક નિર્ણયો પર આવવું ખુબ જ વધારે સહેલું છે.

*

જેમ નીતિનો ઘમંડ સદ્‌ગુણનો ખરાબમાં ખરાબ શત્રુ છે તેમ તાર્કિકતા સત્યનો ખરાબમાં ખરાબ શત્રુ છે; કેમકે એક એની પોતાની અપૂર્ણતાઓને જોઈ શકતો નથી અને બીજી એની પોતાની ભૂલોને જોઈ શકતી નથી.

*

પોતાની ક્રિયામાં મોટે ભાગે વિનાશક એવો તર્કબુદ્ધિનો ટૂંક સમયનો અરસો માનવ પ્રગતિને માટે અનિવાર્યપણે જરૂરી છે.

*

તર્કબુદ્ધિવડે પ્રાપ્ત થયેલી વ્યવસ્થા કે ઘડતર હમેશ જ અપૂર્ણ, ડગુમગુ અને કામચલાઉ હોય છે. નીચેથી આવતી ખેંચવડે તેમજ ઉપરથી આવતી ખેંચવડે એમાં ભંગાણ પડે છે.

*

તર્કબુદ્ધિને ઓળંગી જવી જોઈએ અથવા



તર્કબુદ્ધિએ પોતેજ પોતાથી પર જવું જોઈએ અને ભગવાન પ્રત્યેનો માર્ગ બની જવું જોઈએ.

*

તર્કબુદ્ધિની વ્યાપકપણે સ્વીકારાયેલી એવી એક-માત્ર હરીફ શ્રદ્ધા જ છે.

*

બધું જીવન્ત ચિન્તન કોઈ તૈયાર થઈ રહેલું જગત છે; બધું સાચું કાર્ય કોઈ અભિવ્યક્ત બનેલું ચિન્તન છે.

*

જીવન પોતે જ જીવનનો હેતુ છે.

*

જીવન આપણી તર્કબુદ્ધિવડે એના પર શ્રમપૂર્વક લાદવામાં આવતા ઘાટો અને પદ્ધતિઓમાંથી છટકી જાય છે; એ એટલું તો અટપટું અને નિઃસીમ સામર્થ્યોથી તરવરતું દેખાઈ આવે છે કે માનવની

સ્વચ્છન્દી બુદ્ધિ એના પર જોરજુલમ કરી શકતી નથી.

*

સાચા ચિન્તનનાં પરિણામો જેટલા જ ભૂલના ભયો મોટા અને દૂર સુધી પહોંચનારા છે.

*

માનવ તર્કબુદ્ધિની બધી ભૂલો સત્યનાં જૂઠાં પુરસ્કરણો, ખોટું ચણતર તેમજ કાર્યસાધક ઊલટાં ઘડતરો છે.

*

દિવ્ય પૂર્ણતા સદાય આપણી ઉપર રહેલી જ છે; પણ માનવને માટે આધ્યાત્મિકતાનો અર્થ છે ચેતનામાં અને ક્રિયામાં દિવ્ય બનવું અને અંદર તેમજ બહાર દિવ્ય જીવન જીવવું; એ શબ્દને અપાયેલા બીજા બધા અધૂરા અર્થો અ-પૂરતાં સ્ખલનો અથવા તો ઠગાઈઓ છે.

*



બહારના જીવનનું પરિણામ જો અંદરની વાસ્તવિકતાઓના આધાર પર રચાયું હોય તો જ કાયમનું બની શકે છે.

*

ચમત્કાર તો એક ક્ષણભરનું આશ્ચર્ય છે. ભગવાનના નિયમ અનુસારનો પલટો જ કાયમનો બની શકે છે.

*

બધું પલટાય છે, કશું પણ નાશ પામતું નથી.

*

બધું જ બને છે, કશું પણ બનાવાતું નથી. બધું જ બીજાવસ્થામાંથી બહાર પ્રગટાવાય છે, કશું જ અસ્તિત્વમાં અણાતું નથી. માત્ર જે હતું તે જ હોઈ શકે છે, જે ન હતું તે નહીં. અને જે છે તેનો નાશ થઈ શકતો નથી; એ માત્ર પોતાના સ્વરૂપને ગુમાવી દઈ શકે છે. શાશ્વત આત્મામાં બધું જ શાશ્વત છે.

*

સાચા જ્ઞાનના નક્કર પાયા સિવાય કશું પણ કાયમનું ચણતર ઊભું કરી શકાતું નથી. માથું આકાશોને ચુંબવાની આશા રાખે તે પહેલાં પગ ધરતી પર સ્થિર થયેલા હોવા જોઈએ.

*

સત્ય એ સાચી આધ્યાત્મિકતાનો પાયો છે અને હિંમત એનો અન્તરાત્મા છે.

*

કોઈ પણ લખાયેલું શાસ્ત્ર, એની પ્રમાણભૂતતા ગમે તેટલી મોટી હોય અથવા એનું હૃદય ગમે તેટલું વિશાલ હોય તો પણ શાશ્વત જ્ઞાનની માત્ર એક આંશિક અભિવ્યક્તિથી વિશેષ એ કશું હોઈ શકતું નથી.

*

જીવનની બાહ્ય સપાટીઓ સમજવી સહેલી છે. પણ તેઓ આપણને બહુ આગળ લઈ જઈ શકતી નથી. રોજે રોજના પ્રવૃત્તિમય ઉપલકિયા જીવનને



માટે તેઓ પૂરતી હશે, પણ અસ્તિત્વના મહાન પ્રશ્નોને તેઓ ઊકેલી શકતી નથી.

*

બધી ભૂલો બધાં અનિષ્ટની જેમ અવિભાજ્યના વિભાજનમાંથી જન્મે છે.

*

આપણા જગતમાં ભૂલ સત્યની સતત સહચરી અને માર્ગશોધક છે; કેમકે ભૂલ ખરેખર પોતાની મર્યાદાઓને કારણે અકળાનારું અર્ધ સત્ય જ છે; ઘણીવાર તો એ, પોતાના લક્ષ્ય પાસે કોઈ દેખે નહીં એ રીતે પહોંચવા માટે વેશ પહેરીને આવેલું સત્ય જ હોય છે.

*

બધો અનુભવ બતાવે છે કે જ્યાં સુધી માનવ પોતાની અંદરથી જ ખોટી ગતિ અને ભૂલમાંથી પોતાની મુક્તિ ન મેળવે ત્યાં સુધી એને ક્રિયામાં અકળાવાની અને જ્ઞાનમાં ભૂલ કરવાની અમુક છૂટ

આપવી જ જોઈએ; નહીં તો એનો વિકાસ થઈ શકે નહીં.

*

જો આપણે જૂની ભૂલનું નવા રૂપમાં પુનરાવર્તન કર્યા કરીએ તો એનાથી કશો સાચો ફાયદો થવાનો નથી.

*

નિઃસીમ શક્યતાના અસ્પષ્ટ પડછાયારૂપ યદૃચ્છાને (chanceને) તો આપણા ખ્યાલોના શબ્દકોશમાંથી રુખસદ જ આપવી જોઈએ; કેમકે યદૃચ્છાનો આપણે કશો અર્થ કરી શકતા નથી, કેમકે એ કશું જ નથી. યદૃચ્છાનું બિલકુલ અસ્તિત્વ જ નથી; એ તો માત્ર એક શબ્દ જ છે, જેના ઓઠા હેઠળ આપણે આપણા અજ્ઞાનને ઢાંકીએ છીએ અને છાવરી લઈએ છીએ.

*



પરમ ઇષ્ટ પરમ ઉપયોગિતા પણ છે.

*

ઇષ્ટને સુન્દરતાના ભાનથી ઊતરતું ગણવાનું નથી, પણ એ સુન્દર અને આહ્લાદદાયક તો જરૂર હોવું જોઈએ, નહીં તો એટલે અંશે એ ઇષ્ટ રહેતું નથી.

*

પરમ ઇષ્ટ એના સ્વભાવ અને આન્તર અસર બન્નેમાં પરમ આનન્દ છે.

*

માનવો સ્વર્ગ અને નરકમાં માને છે, છતાં ખુશખુશાલ પાપ કર્યે જાય છે અને છેવટે પોપે દાખવેલી દયાવડે અથવા પાદરીએ આપેલી પાપ-મુક્તિવડે અથવા મૃત્યુશય્યા પર કરેલા પશ્ચાત્તાપવડે અથવા ગંગાસ્નાનવડે અથવા કાશીમાં જઈ મરણ પામવાવડે એમાંથી છૂટે છે;—આપણી બાલિશતામાંથી બચવાના આવા બાલિશ ઉપાયો છે! અને આખરે

મન પ્રૌઢ થાય છે ત્યારે આ બધા બાળબચ્ચાંના ખેલને તિરસ્કારપૂર્વક તે દૂર હડસેલી દે છે.

*

સૌન્દર્ય અને આનન્દ કદી છૂટાં ન પડનારાં બહેનો છે.

*

આખા જગત, માનવ, જીવન અને પ્રકૃતિમાં દિવ્ય સૌન્દર્યને જોવું, જેને આપણે જોયું હોય તેને ચાહવું અને એ પ્રેમ તેમ જ સૌન્દર્યમાં અમિશ્ર આનન્દને પ્રાપ્ત કરવો – આ છે નક્કી કરાયેલો માર્ગ જેનાવડે માનવજાતિએ એક જાતિ તરીકે પ્રભુ પ્રત્યે આરોહણ કરવાનું છે.

*

પ્રગતિ સૌન્દર્ય અને આનન્દને તરછોડવામાં નથી પણ નિમ્ન પરથી ઊર્ધ્વ, ઓછા પૂર્ણ પરથી વધારે પૂર્ણ સૌન્દર્ય પર અને આનન્દ પર આરોહણ કરવામાં છે.

*



કલા શાશ્વત સત્યને અભિવ્યક્ત કરી શકે છે, રૂપની અને બાહ્ય દેખાવની અભિવ્યક્તિ કરવામાં જ એ બંધાઈ રહેતી નથી.

*

પ્રકૃતિ જેને ઢાંકે છે તેને કલા ખુલ્લું કરે છે એ કારણે તો એક નાનું શું ચિત્ર લક્ષાધીશોનાં બધાં જવાહીરોથી અને રાજવીઓના બધા ભંડારોથી પણ વધારે કિંમતી છે.

*

કવિતા ઊર્મિઓને ઉન્નત કરે છે... કલા ઊર્મિઓને સ્તબ્ધ કરે છે... સંગીત ઊર્મિઓને ગહન બનાવે છે... સંગીત, કલા અને કવિતા એ ત્રણ ભેગાં મળીને અન્તરાત્માને માટે એક પૂર્ણ રૂપનું શિક્ષણ બને છે.

*

દરેકની પોતાની પ્રકૃતિના નિયમ અનુસાર વિકસ-

વાનું અને પૂર્ણતા પ્રત્યે આગળ વધવાનું સામર્થ્ય એ છે સ્વતન્ત્રતાનો ઊંડામાં ઊંડો અર્થ.

*

આધ્યાત્મિકતા માનવ અન્તરાત્માની સ્વતન્ત્રતાને માન આપે છે કેમકે એ પોતે જ સ્વતન્ત્રતાવડે કૃતકૃત્ય બને છે.

*

શિસ્ત અને વિકાસ વિના સ્વતન્ત્રતાને પહોંચવું એ તો બહુ ઓછાને જ આપવામાં આવ્યું છે.

*

આપણી એકતા અને વિવિધતા વચ્ચેની સંવાદિતામાં જીવનનું રહસ્ય રહેલું છે.

*

તોડ એ તો બે વિરોધી બળો વચ્ચે થતો પોતપોતાની મતલબોનો ધંધો અથવા સોદો છે, એ કંઈ સાચી સમજુતી નથી. સાચી સમજુતી તો હમેશ



પરસ્પરને સમજવાવડે આગળ વધે છે અને છેવટે કોઈ પ્રકારની ગાઢ એકતા પર પહોંચે છે.

*

આધ્યાત્મિક જીવન કોઈ લક્ષણવિહીન એકતાનું નહીં પણ સમાન અને વૈવિધ્યમય એકતાનું પુષ્પ છે.

*

કેવળ સૌથી ઊર્ધ્વના પ્રકાશ અને બળવડેજ નિમ્ન પૂર્ણપણે દોરવાઈ શકે છે, ઉન્નતિને પ્રાપ્ત કરી શકે છે અને સિદ્ધ થઈ શકે છે.

*

એવો કંઈ કાયદો નથી કે ડહાપણ પ્રખરપણે ગંભીર અને સ્મિત વિનાનું જ હોવું જોઈએ.

*

અશ્રુ કરતાં સ્મિત વધારે સમૃદ્ધ ધન છે.

*

હાસ્યની વૃત્તિ જીવનની મોજ છે.

*

પ્રભુના પૂર્ણ કરણ બનવા કરતાં વધુ ગૌરવભર્યું અને અદ્‌ભુત બીજું કશું જ નથી.

*

તલવાર પોતાને ઘડવાનું કોઇને કહેતી નથી તેમ જ પોતાને વાપરનારાને ના પણ પાડતી નથી અને ભગ્ન બનતાં કલ્પાન્ત પણ કરતી નથી.

*

બધું યે ધન ભગવાનનું છે અને જેમના હાથમાં એ રહેલું છે તેઓ તો એના વાલી છે અને નહીં કે માલિક. આજે એ તેમની પાસે છે, કાલે એ બીજે પણ ચાલ્યું જાય. જ્યાં સુધી એ તેમની પાસે છે ત્યાં સુધી તેઓ તેમનું વાલીપણું કેવી રીતે અદા કરે છે, કેવા ભાવથી, એના ઉપયોગમાં કેવી ચેતનાપૂર્વક, કેવા હેતુઓ માટે, તેના ઉપર બધો આધાર છે.

*

ધનની પાછળ લાગનારા અથવા એનો સંચય



કરનારા ઘણેખરે ભાગે ધનને પોતાને કબજે નથી રાખતા પણ પોતે જ એના કબજામાં હોય છે.

*

માનવ-ચિન્તનમાં કોઇપણ આદર્શનું બહાર આવવું એ હમેશ પ્રકૃતિમાં રહેલી કોઈ નેમનું ચિહ્ન છે, પણ હમેશ તરત સિદ્ધ કરવા ધારેલી નેમનું નહીં. કેમકે પ્રકૃતિ પોતાની રીતોમાં ધીમી અને ધીરજ-વાળી છે.

*

સામાન્ય પ્રાણમય માનવ-પ્રકૃતિની કીચડવાળી ગલીઓમાં ઢીલીપોચી માટી હોવા કરતાં ભગવાન પ્રત્યેના માર્ગમાં પથ્થર હોવું વધારે સારું છે.

*

સતત થનારા આન્તર વિકાસવડે જ જીવનમાં સતત નવીનતા અને અખંડ રસ જાળવી શકાય છે.

*

**માન**વજાતિમાં સાચું જંગલીપણું કદાચ મૂળ આરંભદશાના માનવનું નથી પણ આરંભદશા ફરી પાછી ઊછળી આવવાના અને એના પ્રત્યે પાછા જવાના રૂપનું છે.

*

**જેઓ** ગરીબ, અજ્ઞાન, કુજાત અથવા કુ–સંસ્કારી છે તેઓ પ્રાકૃત જન નથી; પ્રાકૃત જન તો તેઓ છે જેઓ ક્ષુદ્રતા અને સાધારણ માનવતાથી સંતુષ્ટ છે.

*

**માત્ર** જે સદાકાળ હતું તે જ સદાકાળ હોઈ શકે છે અને માત્ર જે સત્તામાં નિઃસીમ છે તે જ શક્તિમાં અને ગુણમાં નિઃસીમ હોઈ શકે છે.

*

**આપ**ણાં કાર્યોનું તેમના દેખીતા સ્વરૂપ અને બાહ્ય પરિણામમાં જેટલું મૂલ્ય નથી, તેટલું આપણા અન્તરાત્માની વૃદ્ધિમાં તેમણે આપેલી સહાયમાં છે.

*



**પોતાની** પ્રગતિ, ખ્યાતિ કે મનના સંતોષન ખાતર સાધેલા માનસિક વિકાસ કરતાં ભગવાનને માટે કરેલો શારીરિક પરિશ્રમ વધારે દિવ્ય છે.

*

**કવિતા** અને કલા અને સંગીતથી માંડીને સુતાર-કામ કે રસોઈ કે ઓરડો સાફ કરવા સુધીનું ભગવાનને માટે કરેલું બધું કામ, એ જે ભાવનાથી કરાયું હોય તે ભાવનાની જેમ જ તેની ઝીણામાં ઝીણી બાહ્ય વિગતમાં પણ સંપૂર્ણતાથી યુક્ત બનાવવું જોઈએ. કેમકે એ માત્ર એ રીતનું બનાવાયું હોય તો જ પૂરેપૂરું યોગ્ય નૈવેદ્ય બને છે.

*

**જીવન** અને શરીરથી પર જવાનું તો છેજ પણ સાથે સાથે તેમને ઉપયોગમાં પણ લેવાનાં છે અને પૂર્ણ બનાવવાનાં છે.

*

જે તત્ત્વ પ્રત્યે આપણને જરા પણ સહાનુભૂતિ ન હોય, જેને આપણે તદ્દન ઓછું અને નિરુત્સાહ બનાવવા ઇચ્છતા હોઈએ, તેને યોગ્ય દોરવણી આપી શકીએ નહિ.

*

કવિઓ મૃત્યુ અને બાહ્ય દુઃખની બાબતમાં વધારે પડતો શોર મચાવે છે, પરન્તુ એકમાત્ર કરુણ-કાવ્ય છે અન્તરાત્માની નિષ્ફળતાઓ અને એક માત્ર વીર-કાવ્ય છે માનવનું ઈશ્વર પ્રત્યે વિજયી આરોહણ.

*

**આખરે** તો, આપણામાંના મહાનમાં મહાનની જેમ નાનામાં નાનાને માટે પણ, આપણું સામર્થ્ય આપણું પોતાનું નથી, પણ જે લીલા ખેલવાની છે, જે કાર્ય કરવાનું છે, તેને માટે આપણને આપવામાં આવ્યું છે. એ સામર્થ્ય આપણી અંદર ઘડાતું હશે, પણ એનું વર્તમાન ઘડતર આખરી નથી,—સામ-



ર્થ્યનું ઘડતર પણ નહિ અને અસામર્થ્યનું ઘડતર પણ નહિ. કોઈ પણ ક્ષણે ઘડતર બદલાઈ જઈ શકે—કોઈ પણ ક્ષણે નિર્બળતાને બળમાં પલટાતી, અસમર્થને સમર્થ બની જતો અને કરણરૂપ ચેતનાને ઓચિંતી કે ધીમે ધીમે કોઈ નવી ઊંચાઈ પર ચઢતી અથવા પોતાની અવ્યક્ત શક્તિઓને વિકસાવતી આપણે જોઈ શકીએ. આપણી ઉપર, આપણી અંદર, આપણી આસપાસ પ્રભુનું સર્વ-સામર્થ્ય છે અને કાર્ય માટે, આપણા વિકાસ માટે, આપણા રૂપાન્તરકારક પલટા માટે આપણે એનોજ આધાર રાખવાનો છે. કાર્યમાં, એ કાર્ય માટેની આપણી કરણરૂપતામાં, આપણને નિયોજતી શક્તિમાં શ્રદ્ધા રાખીને જો આપણે આગળ વધીશું તો ખુદ કસોટીની જ વખતે, ખુદ મુશ્કેલીઓ અને નિષ્ફળતાઓની સામે થતી અને પાર ઊતરતી જ વખતે સામર્થ્ય આવીને ઊભું રહેશે અને આપણે જેનાં વધારે ને વધારે પૂર્ણ પાત્રો બનીએ છીએ તે સર્વ-

સામર્થ્યમાંથી આપણને જેટલા સામર્થ્યની જરૂર હશે તેટલાને ધારણ કરવાનું બળ આપણમાં રહેલું આપણને જણાશે.

*

હે પ્રભુના સૈનિક અને વીર, તારે માટે દુઃખ કે શરમ કે વેદના ક્યાં છે? કેમકે તારું જીવન એક ઉજ્જ્વલતા છે, તારાં કર્મો એક નિવેદન છે, વિજય તારું દેવ બનવું છે, પરાજય તારી જીત છે.

જ્યાં સુધી તારા હાથ છુટ્ટા છે ત્યાં સુધી લડ; તારા હાથવડે અને તારી વાણીવડે અને તારી બુદ્ધિવડે અને બધા પ્રકારનાં હથિયારોવડે લડ. શું તું તારા શત્રુના જેલખાનામાં જકડાયો છે અને એણે તારે મોઢે ડૂચા દઈ તને મૂગો બનાવ્યો છે? તો સર્વને ઘેરો ઘાલનારા તારા અન્તરાત્માવડે અને તારા વિસ્તાર-ચારી સંકલ્પબળવડે લડ, અને જ્યારે તું મરી જાય ત્યારે પણ પ્રભુમાંથી તારામાં બહાર આવેલી જગત-ઘેરતી શક્તિવડે લડ.



મહાસાગરનાં ઊંડાણોમાં કશોય ક્ષોભ નથી, પણ ઉપર છે એના કોલાહલની આનન્દમય ગર્જના અને એનો તીરગામી ધસમસાટ; આવું જ છે કર્મની ભીષણતાની મધ્યમાં મુક્ત અન્તરાત્માનું સ્વરૂપ. અન્તરાત્મા કર્મ કરતો નથી, એ તો માત્ર પોતામાંથી દુર્ધર્ષ કર્મને બહાર ધકેલે છે.

*

કેટલીક ક્ષણો એવી હોય છે કે જ્યારે આત્મા મનુષ્યોની વચમાં ઘૂમે છે અને ઇશ્વરનો શ્વાસ આપણી સત્તાના જળ ઉપર ચારે બાજુએ ફેલાય છે; બીજી કેટલીક એવી હોય છે કે જ્યારે એ ફારેગ બને છે અને મનુષ્યોને કર્મ કરવામાં તેમના પોતાના અહંભાવના બળ કે નિર્બળતા પર છોડે છે. પહેલા અરસાઓમાં જરા જેટલો પ્રયાસ પણ મહાન પરિણામો જન્માવે છે અને પ્રારબ્ધને પલટી નાખે છે; જ્યારે બીજા અરસાઓમાં નાના શા પરિણામને માટે ખૂબ પ્રયાસ કરવો પડે છે.

દુર્ભાગી છે એ માનવ કે રાષ્ટ્ર જે આવી દિવ્ય ક્ષણો આવે ત્યારે ઊંઘતો જણાય કે એનો ઉપયોગ કરવા માટે તૈયાર થયેલો ન હોય, કેમકે સ્વાગતને માટે દીવો સંકોરી રખાયેલો નથી હોતો અને આહ્વાન પ્રત્યે કાન બિડાયેલા હોય છે. પણ ફિટકાર છે તેમને જેઓ સશક્ત અને તૈયાર છે અને છતાં શક્તિને વેડફી નાખે છે અથવા એ ક્ષણનો દુરુપયોગ કરે છે; તેમને માટે તો છે કદી ન પૂરાય એવી ખોટ અથવા મહાન વિનાશ.

પ્રભુના મુહૂર્તમાં બધી આત્મવંચના અને દંભ અને વ્યર્થ આત્મ-પ્રશંસાને ધોઈ નાખી તારા અન્તરાત્માને સાફ કર કે જેથી તું સીધેસીધું તારા આત્મામાં જોઈ શકે અને એને બોલાવનારને સાંભળી શકે. પ્રકૃતિની બધી બિનસચ્ચાઈ, જે એક વખત દૃશિની આંખ સામે અને આદર્શની જ્યોતિ સામે તારો બચાવ હતી તે હવે તારા બખતરમાં ગાબડું બને છે અને ઘાને આમન્ત્રે છે. જો તું તત્કાળ



પૂરતો જીતે, તો તે તો તારે માટે એથીય ખરાબ છે કેમકે ઘા પછીથી આવશે અને તારી જીતની વચ્ચોવચજ તને ચત્તોપાટ કરી દેશે. પણ શુદ્ધ હોઈ બધા ભયને દૂર ફેંકી દે; કેમકે મુહૂર્ત ઘણીવાર ભીષણ હોય છે, દાવાનળ અને ઝંઝાવાત અને તોફાનના રૂપનું, પ્રભુના કોપની ચગદી નાખનારી ચક્કીની ગતિના રૂપનું હોય છે; પણ જે એની અંદર પોતાના હેતુના સત્ય ઉપર અડગ ખડો રહી શકશે તે જ ટકશે; જો એ પડશે તો પણ પાછો ઊભો થશે; જો એ પવનની પાંખે પસાર થતો લાગશે તો પણ પાછો આવશે. અને વળી, દુનિયાદારી ડહાપણને બહુ પાસેથી તારા કાન ફૂંકવા દેતો નહીં કેમકે એ તો છે અણધાર્યું બનવાનું મુહુર્ત.

*

માનવજાતિની ઊંડામાં ઊંડી અન્ધ પ્રેરણા વિશ્વાત્મક પ્રાકટ્યના છેલ્લા બોલ તરીકે ડહાપણને જ હમેશ અને યોગ્ય રીતે શોધે છે અને નહીં કે કોઈ

શાશ્વત ઠેકડીને તેમજ ભ્રમણાને; એ કોઈ અન્તિમ વિજયને તેમજ સાફલ્યને શોધે છે અને નહીં કે અન્તરાત્માના એના પોતાના મહાન સાહસમાંથી નિરાશાભર્યાં નિવર્તનને.

*

બધી સ્થિરતા તાલની કોઈ અચળ સમતુલા છે. તાલને તોડો કે તરત સ્થિરતા લય પામે છે અને અસ્થિર બને છે.

કોઈ પણ તાલ શાશ્વતપણે સ્થિર રહી શકતો નથી; તેથી તો વિશ્વ એક સદાય ગતિમાન સમુદ્ર છે અને તેની અંદર બધું જ ક્ષર અને ચળ છે. પ્રકૃતિમાંની દરેક વસ્તુ એની અંદર રહેલું માતા કાલીનું પ્રયોજન સિધ્ધ ન થાય ત્યાં સુધી ટકે છે; પછી એ લય પામે છે અને બીજી કોઈ સંવાદિતાના દ્રવ્યના સ્વરૂપમાં પલટાય છે.

*



પ્રભુ પ્રકૃતિનું સવળું પાસું છે, પ્રકૃતિ પ્રભુનું અવળું પાસું છે.

*

પ્રભુ પ્રકૃતિ તરફ નીચે ઢળવામાંથી વિરમી શકતો નથી અને માનવ પ્રભુ તરફ ઊંચે જવામાંથી વિરમી શકતો નથી. એ તો છે સસીમનો નિઃસીમ સાથેનો શાશ્વત સંબન્ધ. જ્યારે પણ તેઓ પરસ્પરથી વિમુખ થતાં લાગે છે ત્યારે એ તો કોઈ વધુ ગાઢ પુનર્મિલનને માટે જ હોય છે.

*

પ્રભુ અને પ્રકૃતિ સાથે રમતાં પ્રણયી બાળક અને બાલિકા સમાં છે. તેઓ એક બીજાથી સંતાય છે અને પકડાઈ જતાં દૂર નાસી જાય છે તે તો એ કારણે કે તેમની શોધ થાય, તેમની પૂંઠે પડાય અને તેઓ પકડાઈ જાય.

*

માનવ પ્રકૃતિથી છુપાતો પ્રભુ છે; એ છુપાય છે તે તો એ કારણે કે સંઘર્ષ, આગ્રહ, બળજબરી અને અચાનકપણાથી એ પ્રકૃતિનો કબજો લઈ શકે. પ્રભુ વિશ્વાત્મક અને વિશ્વાતીત માનવ છે, જે માનવ-સ્વરૂપમાં પોતાના વ્યક્તિપણાથી પોતાને છુપાવે છે.

*

માનવ અને પ્રભુના મિલનનો અર્થ હમેશ એ જ હોઈ શકે કે મનુષ્યત્વમાં ભગવાનનું આરપાર પ્રવેશવું અને માનવનું દિવ્યત્વમાં આત્મ-નિમજ્જન.

---

આર્ટ કાર્ડ પર છાપેલાં

# શ્રી અરવિન્દનાં

બાર વિવિધ ચિત્રોનું

પ્લાસ્ટિકના પૂંઠાથી અને પ્લાસ્ટિકની
રંગીન દોરીથી સુશોભિત

# આલ્બમ

( સાઈઝ : ૩ × ૨॥ ઈંચ )

કિંમત સવા રૂપિયો
( ટપાલ ખર્ચ અલગ )

: પ્રાપ્તિસ્થાન :

શ્રી અરવિન્દ સોસાયટી
'સહકાર' પહેલે માળે, 'બી' રોડ,
ચર્ચગેટ, મુંબઈ ૧.

## શ્રી માતાજીનાં પુસ્તકો

| | |
|---|---|
| પ્રાર્થના | ૦- ૬ |
| માતાજીની શબ્દસુધા | ૦-૧૨ |
| પરમ શોધ | ૦- ૮ |
| પ્રાસંગિક પ્રસાદી | ૦-૧૨ |
| માતાજીની વાણી | ૩- ૮ |
| ભાવિ તરફ | ૧- ૦ |
| કેળવણી | ૧- ૮ |
| ચાર તપસ્યાઓ | ૦-૧૨ |

## શ્રી અરવિંદનાં પુસ્તકો

| | |
|---|---|
| શ્રી અરવિન્દની વાણી | ૦- ૬ |
| મા | ૧- ૦ |
| વિચાર-રત્નો | ૦-૧૨ |
| દુર્ગાસ્તોત્ર | ૦- ૪ |
| ઉત્તરપાડા વ્યાખ્યાન | ૦-૧૦ |
| શ્રી અરવિંદના પત્રો | ૦-૧૦ |
| યોગ અને તેનાં લક્ષ્ય | ૦-૧૦ |
| જગન્નાથનો રથ | ૦-૧૦ |
| યોગસાધનાના પાયા | ૨- ૮ |
| યોગ પર દીપ્તિઓ | ૧- ૦ |
| જ્ઞાનયોગ (બે ભાગમાં) | ૭- ૦ |
| ભક્તિયોગ | ૨- ૮ |
| અતિમનસની સાધના | ૧- ૦ |
| ગીતા નિબંધો (બે ગ્રંથ) | ૧૭- ૮ |
| બાળ ગંગાધર ટિળક | ૦- ૮ |
| દિવ્ય જીવનઃ છેલ્લું પ્રકરણ | ૨- ૦ |
| આધ્યાત્મિક સમાજ | ૧- ૮ |
| વિદેહીઓના વાર્તાલાપ | ૦-૧૨ |
| શ્રી અરવિન્દ અને તેમનો આશ્રમ | ૧- ૪ |
| આશ્રમ સંદેશ | ૧- ૪ |
| મહાયોગી શ્રી અરવિન્દ | ૦-૧૨ |
| શ્રી અરવિન્દનો સંદેશ અને આશ્રમ | ૦- ૮ |

**શ્રી અરવિંદ બુક્સ ડિસ્ટ્રિબ્યુશન એજન્સી પ્રાઈવેટ લિ.**

સહકાર 'બી' રોડ, ચર્ચગેટ, મુંબઈ, ૧.

આધ્યાત્મિક રીતે તમે બધું જ છો

. .

"ભૌતિક જગત

આવશ્યક તાત્પર્ય

આધ્યાત્મિક

મિલન."

SHML
G13185
ENTERED
G-13185
NOT TO BE ISSUED
SMT. HANSA MEHTA LIBRARY, BARODA
7B
133
G5A2
G.13185